# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 1-9-2024 Morning : 7.45 to 7.55
Day : Sunday National News

## આકાશવાણી સમાચાર **રૂપલ જાની** વાંચે છે.

****************************************************

- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે ભારત વિપુલ તક ધરાવતો દેશ છે.
- ✓ કેન્દ્રીય વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે અર્થતંત્ર, પર્યાવરણ અને રોજગાર માટે બાયોટેકનોલોજી (BioE3) નીતિ 2024 બહાર પાડી.
- ✓ 'ડિજિટલ ભારત નિધિ' એટલે કે ટેલિકોમ એક્ટ 2023 હેઠળના નિયમોનો પ્રથમ સેટ, અમલમાં આવી ગયો છે.
- ✓ સરહદ સુરક્ષા દળ અને સરકારી રેલવે પોલીસે ત્રિપુરામાં ગેરકાયદેસર રીતે પ્રવેશ કરવા બદલ 7 બાંગ્લાદેશી નાગરિકો અને બે રોહિંગ્યાની ધરપકડ કરી
- ✓ ફ્રાન્સના લિયોનમાં આયોજિત વિશ્વ કૌશલ્ય સ્પર્ધામાં 60 ભારતીય સ્પર્ધકો 61 સ્પર્ધામાં ભાગ લેશે.
- ✓ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પેરિસ પેરાલિમ્પિક્સમાં કાંસ્ય ચંદ્રક જીતવા બદલ રૂબિના ફ્રાન્સિસને અભિનંદન પાઠવ્યા.

****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# REV.-PM---ET-WORLD-LEADERS-FORUM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે ભારત વિપુલ તક ધરાવતો દેશ છે. પ્રધાનમંત્રીએ દેશમાં વેપારમાં સરળતા, સુધારા, સ્થિર નીતિ શાસન અને ઉચ્ચ વિકાસ દરનું વચન પણ આપ્યું છે. ગઈકાલે ઈકોનોમિક ટાઈમ્સ વર્લ્ડ લીડર્સ ફોરમમાં, શ્રી મોદીએ રોકાણકારોને નવીનતા, શ્રેષ્ઠ અમલીકરણ, સકારાત્મક પહેલ અને ઉચ્ચ ગુણવત્તાવાળા ઉત્પાદનો માટે સંકલ્પ કરવા અપીલ કરી હતી. તેમણે કહ્યું કે કેન્દ્ર સરકારે મજબૂત ઇરાદાઓ, અપેક્ષાઓ અને વિશ્વાસ સાથે તેનો ત્રીજો કાર્યકાળ શરૂ કર્યો છે.

શ્રી મોદીએ કહ્યું કે આ વર્ષની ચૂંટણીમાં મોટાભાગના દેશોના લોકોએ પરિવર્તન માટે મત આપ્યો હતો, પરંતુ ભારતીયોએ સાતત્ય, રાજકીય સ્થિરતા અને આર્થિક વૃદ્ધિને પ્રાધાન્ય આપ્યું હતું. શ્રી મોદીએ કહ્યું કે નવ-મધ્યમ વર્ગ દેશની પ્રગતિને આગળ ધપાવે છે અને બજારની દિશા નિર્ધારિત કરે છે. તેમણે કહ્યું કે ભારત એક અનોખી સફળતાની ગાથા લખી રહ્યું છે અને વિવિધ ક્ષેત્રોમાં થયેલા સુધારા હવે અર્થતંત્રમાં પ્રતિબિંબિત થઈ રહ્યા છે.

# BIOE3-LAUNCH.RTF

કેન્દ્રીય વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે ગઈકાલે નવી દિલ્હીમાં અર્થતંત્ર, પર્યાવરણ અને રોજગાર માટે બાયોટેકનોલોજી (BioE3) નીતિ 2024 બહાર પાડી. પત્રકારોને સંબોધતા ડૉ.સિંહે કહ્યું કે આ નીતિ દેશમાં ઉચ્ચ-પ્રદર્શન બાયો-મેન્યુફેક્ચરિંગને પ્રોત્સાહન આપશે. તેમણે એમ પણ ઉમેર્યું હતું કે ખોરાક, ઊર્જા અને આરોગ્ય જેવા વિવિધ ક્ષેત્રો પર તેની નોંધપાત્ર અસર પડશે.

શ્રી સિંઘે ભારપૂર્વક જણાવ્યું હતું કે જાહેર-ખાનગી ભાગીદારી મોડલ નીતિના અમલીકરણનો એક આંતરિક ભાગ હશે, જે રોજગાર સર્જનને પ્રોત્સાહન આપવા માટે ઉદ્યોગને પ્રોત્સાહન આપશે. તેમણે એ પણ ઉલ્લેખ કર્યો કે બાયો-મેન્યુફેક્ચરિંગ અને બાયો-ફાઉન્ડ્રી દેશની ભાવિ બાયો ઇકોનોમીને આગળ વધારશે અને હરિત ક્રાંતિને પ્રોત્સાહન આપશે. કેન્દ્રીય કેબિનેટે 24મી ઓગસ્ટના રોજ BioE3 નીતિને મંજૂરી આપી હતી.

# DIGITAL-BHARAT-NIDHI--NOTIFICATION.RTF

'ડિજિટલ ભારત નિધિ' એટલે કે ટેલિકોમ એક્ટ 2023 હેઠળના નિયમોનો પ્રથમ સેટ, અમલમાં આવી ગયો છે. આ અંગે સરકારે જાહેરનામું બહાર પાડ્યું છે. ડિજિટલ ભારત નિધિ અગાઉના યુનિવર્સલ સર્વિસ ઓબ્લિગેશન ફંડ (USOF)નું સ્થાન લેશે.

જાહેરનામાં અનુસાર, યોજનાઓ અનેપ્રોજેક્ટના અમલીકરણ માટે ડિજિટલ ભારત નિધિમાંથી ભંડોળ પૂરું પાડવામાં આવશે. તેનો ઉપયોગ ડિજિટલ ભારત નિધિના ઉદ્દેશ્યો સિદ્ધ કરવા માટે કરવામાં આવશે. જાહેરનામાં  વધુમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે ડિજિટલ ભારત નિધિ સમાજમાં સેવાથી વંચિત જૂથો માટે ટેલિકોમ્યુનિકેશન સેવાઓની લક્ષિત વધુ પ્રદાન કરવાના હેતુથી યોજનાઓ અને પ્રોજેક્ટ્સને ભંડોળ આપશે.

# BSF-ARREST.RTF

સરહદ સુરક્ષા દળ (BSF) અને સરકારી રેલ્વે પોલીસ (GRP) એ ત્રિપુરામાં ગેરકાયદેસર રીતે પ્રવેશ કરવા બદલ સાત બાંગ્લાદેશી નાગરિકો અને બે રોહિંગ્યાઓની ધરપકડ કરી છે. બીએસએફના પ્રવક્તાએ જણાવ્યું હતું કે સરહદ રક્ષક દળોએ ત્રિપુરાના ખોવાઈ જિલ્લામાં રંગીચેરા બોર્ડર આઉટ પોસ્ટ પરથી એક મહિલા અને એક બાળકી સહિત ત્રણ બાંગ્લાદેશના નાગરિકોને એ સમયે પકડી લીધા હતા જ્યારે તેઓ સરહદની વાડ પાર કરી રહ્યા હતા.

બીએસએફના વિસ્તૃત ઓપરેશનમાં, રાજ્ય પોલીસના સહયોગથી, બાગીચેરા ગામમાં વધુ બે બાંગ્લાદેશના નાગરિકો અને પડોશી દેશના એક ટાઉટની ધરપકડ કરવામાં આવી હતી. અગાઉ, અન્ય સંબંધિત ઘટનામાં, GRP જવાનોએ શુક્રવારે રાત્રે અગરતલા રેલ્વે સ્ટેશન પરથી એક મહિલા સહિત બે રોહિંગ્યાઓની ધરપકડ કરી હતી.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

# WORLD-SKILLS-COMPETITION.RTF

ફ્રાન્સના લિયોનમાં આયોજિત વિશ્વ કૌશલ્ય સ્પર્ધામાં 60 ભારતીય સ્પર્ધકો 61 સ્પર્ધાઓમાં ભાગ લેશે. કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગ સાહસિકતા રાજ્યમંત્રી શ્રી જયંત ચૌધરી 6 સપ્ટેમ્બરે ભારતીય ટુકડીને ફ્લેગ ઓફ કરશે. મંત્રાલયના સચિવ અતુલ કુમાર તિવારીએ કહ્યું કે ભારતીય ટીમમાં સામેલ ભાગ લેનારાઓ નિષ્ણાતો પાસેથી તાલીમ લીધી છે.

આ કાર્યક્રમ માટેના સ્પર્ધકોની પસંદગી આ વર્ષે મે મહિનામાં નવી દિલ્હીમાં યોજાયેલી ભારત કૌશલ્ય પ્રતિયોગીતામાંથી કરવામાં આવી છે.આ સ્પર્ધા કૌશલ્ય વિકાસ અને સાહસિકતા મંત્રાલયના રાષ્ટ્રીય કૌશલ્ય વિકાસ નિગમની પહેલ છે. તેનો ઉદ્દેશ્ય ઉત્પાદન, માહિતી ટેકનોલોજી અને સર્જનાત્મક કલા સહિત વિવિધ ક્ષેત્રોમાં પ્રતિભાશાળી યુવાનોને ઓળખવાનો છે.

# PARALYMPICS.RTF

પેરિસ પેરાલિમ્પિક્સના ચોથા દિવસે ભારતને આજે વધુ કેટલાક ચંદ્રક મળે તેવી શક્યતા છે. રવિ રંગોલી પુરુષોના શોટ પુટ F-40 ફાઇનલમાં પડકાર આપશે. બીજી તરફ, નિષાદ પણ મેન્સ હાઈજમ્પ T-47 ઈવેન્ટની ટાઈટલ મેચમાં મેડલની રેસમાં હશે.

# PREZ-PM-RUBINA-MEDAL.RTF

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ પેરિસ પેરાલિમ્પિક્સમાં મહિલાઓની 10 મીટર એર પિસ્તોલ સ્પર્ધામાં કાંસ્ય ચંદ્રક જીતવા બદલ રૂબિના ફ્રાન્સિસને અભિનંદન પાઠવ્યા છે. રાષ્ટ્રપતિએ સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું કે રૂબીનાની જીત શૂટિંગમાં ભારતના શ્રેષ્ઠ પ્રદર્શનને દર્શાવે છે કારણ કે આ રમતમાં દેશ માટે ચોથો મેડલ છે. તેમણે કહ્યું કે રૂબીનાની સફળતા ખાસ કરીને દિવ્યાંગોને પ્રેરણા આપશે.

પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીએ પણ રૂબીના ફ્રાન્સિસને તેની સફળતા બદલ અભિનંદન પાઠવ્યા છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, તેમણે તેને દેશ માટે ગર્વની ક્ષણ અને રૂબિના ફ્રાન્સિસના મજબૂત નિશ્ચયનું પરિણામ ગણાવ્યું. કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી ડો.મનસુખ માંડવિયાએ પણ રૂબીનાને અભિનંદન પાઠવ્યા છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં તેમણે કહ્યું કે રૂબીનાએ દેશને શૂટિંગમાં ગર્વ અનુભવવાની તક આપી છે.

# UAE---VISA-AMNESTY-PROGRAM.RTF

સંયુક્ત આરબ અમીરાતે બેમહિનાનો એક વ્યાપક વિઝા એમ્નેસ્ટી પ્રોગ્રામ શરૂ કર્યો છે, જે દેશમાં ગેરકાયદેસર રીતે રહેતા વ્યક્તિઓ માટે તેમની સ્થિતિને નિયમિત કરવા અથવા દંડ વિના વિદાય લેવાની નિર્ણાયક તક આપે છે. આજથી અમલમાં આવનર  આ કાર્યક્રમની જાહેરાત ફેડરલ ઓથોરિટી ફોર આઈડેન્ટિટી, સિટીઝનશિપ, કસ્ટમ્સ અને પોર્ટ સિક્યુરિટી દ્વારા કરવામાં આવી હતી, અને તે 30 ઓક્ટોબર, 2024 સુધી ચાલશે.

આ પ્રોગ્રામ હેઠળ, પ્રવાસી અને રેસીડેન્સી વિઝા સહિત તમામ પ્રકારના વિઝાની સમય સીમા સમાપ્ત થઈ ગયેલી વ્યક્તિઓ, સંયુક્ત આરબ અમીરાતમાં કાયદેસર રીતે રહેવા અને કામ કરવાનું ચાલુ રાખવા માટે તેમની સ્થિતિને નક્કી કરી શકે છે અથવા દંડ વસૂલ્યા વિના અથવા પ્રવેશ પ્રતિબંધનો સામનો કર્યા વિના દેશ છોડી શકે છે. જો કે, દેશમાં ગેરકાયદેસર રીતે પ્રવેશ કરનારાઓને માફી લાગુ પડતી નથી.

# ISRAEL---HAMAS.RTF

ઇઝરાયેલ સૈન્ય અને હમાસ વચ્ચે ગાઝામાં યુદ્ધમાં ત્રણ-દિવસીય વિરામ લાગુ કરવા માટે એક કરાર થયો છે. ગુરુવારે વિશ્વ આરોગ્ય સંસ્થા (ડબ્લ્યુએચઓ) ના એક વરિષ્ઠ અધિકારીના જણાવ્યા અનુસાર, આ વિરામનો હેતુ 640,000 બાળકો માટે નિર્ણાયક પોલિયો રસીકરણ અભિયાનની સુવિધા આપવાનો છે.

ગાઝામાં 10-મહિનાનું બાળક આંશિક રીતે લકવાગ્રસ્ત થયું હોવાના સમાચારને પગલે આ કરાર થયો છે, જે 25 વર્ષમાં આ પ્રદેશમાં પોલિયોનો પ્રથમ કેસ છે. રામલ્લાહમાં પેલેસ્ટિનિયન આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, રસીકરણ અભિયાન આજથી 12 સપ્ટેમ્બર સુધી ચાલશે.

# LAOS- INDIAN CITIZEN

લાઓસમાં ભારતીય દૂતાવાસે સાયબર કૌભાંડ કેન્દ્રોમાં ફસાયેલા 47 ભારતીય નાગરિકોને બચાવ્યા છે. દૂતાવાસે કહ્યું કે એક્સક્લુઝિવ ઈકોનોમિક ઝોનમાં ગેરકાયદેસર ગતિવિધિઓ પર કડક કાર્યવાહી બદલ સત્તાવાળાઓએ 29 લોકોને સોંપ્યા જ્યારે બાકીના 18 લોકોએ દૂતાવાસનો સીધો સંપર્ક કર્યો.

દૂતાવાસે આ લોકોને પરત લાવવા માટે તમામ જરૂરી ઔપચારિકતાઓ પૂર્ણ કરી છે. અત્યાર સુધીમાં 30 લોકો પરત ફર્યા છે, જ્યારે બાકીના 17 લોકો ઔપચારિકતા પૂર્ણ થવાની રાહ જોઈ રહ્યા છે.

## હવે આજના અખબારોના મુખ્ય સમાચારો સાથે મારા સહયોગી પ્રવેશ અડિએચા

- હરિયાણામાં પાંચમી ઑક્ટોબરે વિધાનસભા ચૂંટણી યોજાશે – આ સમાચારને મોટા ભાગના અખબારોએ પહેલા પાના પર લીધા છે.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના એક નિવેદનને ટાંકીને ફૂલછાબ લખે છે, મહિલા અપરાધોના ચુકાદામાં ઝડપ જરૂરી
- પ્રધાનમંત્રીના એક નિવેદનને ટાંકીને સંદેશ લખે છે, મહિલાઓ સામેના કેસોનો ઝડપી નિકાલ લાવો.
- વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરના નિવેદનને ટાંકીને ફૂલછાબ લખે છે, ચીન સંબંધિત રોકાણની સમીક્ષા થવી જોઈએ.
- સુપ્રીમકૉર્ટે 'ભારત બંધ' ને ગેરકાયદે ઠેરવ્યું છતાં 6 વર્ષમાં 11 વખત એલાન આપવામાં આવ્યું – આ દિવ્ય ભાસ્કરની મુખ્ય હેડલાઈન છે.
- દિવ્ય ભાસ્કર લખે છે, GSTમાં 1થી દોઢ ટકાની પ્રસાદી, રિફંડમાં 300 કરોડ, એસેસમેન્ટમાં 100 કરોડ રૂપિયા લાંચ લઈ રહ્યા છે બાબુઓ
- દિવ્ય ભાસ્કર કહે છે, રાજ્યમાં આ મહિને પણ સામાન્યથી વધુ વરસાદ, મધ્ય-દક્ષિણમાં વધુ જોર
- ગુજરાત સમાચાર એક હેડલાઈનમાં કહે છે, સાયન્સ સિટી રોડ વચ્ચેનાં 400 વૃક્ષોનું ગ્રીન કવર BRTS ટ્રેકના ભોગે બરબાદ થશે.
- સંદેશ લખે છે, વડોદરા પૂરના પાણીમાં પીડાતું હતું એ જ પાણીમાં નેતાએ ડાન્સની રીલ બનાવી.